# તમે વિદેશી સરકારની માલિકીની સંસ્થામાં કર્મચારી હો તો તમને ભારતીય કાયદાની કેટલી ઓથ મળે?

આજકાલ મોટા ભાગનાં મહત્ત્વાકાંક્ષી યુવક - યુવતીઓ આકાશને આંબવાનાં સ્વપ્નો જોતાં હોય છે. આકરી સ્પર્ધાના આ યુગમાં બીજાથી સતત આગળ રહેવાનો એક રસ્તો છે. તગડો પગાર આપતી કંપનીઓમાં નોકરી મેળવવાનો. આ જ કારણસર યુવક - યુવતીઓને જુદી જુદી એરલાઈન્સમાં નોકરી મેળવવાનું ખાસ આકર્ષણ રહેતું હોય છે. હજી થોડા સમય પહેલાં, આપણા દેશમાં ખાનગી એરલાઈન્સ શરૂ થઈ ત્યારે સંખ્યાબંધ યુવક - યુવતીઓનું આકાશમાં પહોંચવાનું સ્વપ્ન સાચેસાચ સાકાર થયું હતું, પણ ભારતની ખાનગી એરલાઈન્સ કરતાં વિદેશી એરલાઈન્સમાં નોકરીનું આકર્ષણ અનેકગણું વધારે છે. સવાલ એ છે કે, તમે જેમાં નોકરી મેળવો એ વિદેશી એરલાઈન્સ જો તે તે દેશની સંપૂર્ણ કે આંશિક માલિકીની હોય તો? એવા સંજોગોમાં, એરલાઈન્સના એક કર્મચારી તરીકેના તમારા અધિકારોની સ્થિતિ કેવી રહે?

ઈન્ડિયન એરલાઈન્સ કે એર ઈન્ડિયાની જેમ, ગલ્ફના ઘણા દેશો તેમની પોતાની એરલાઈન્સ ચલાવે છે. ઈરાકી એરવેઝ, કુવૈત એરલાઈન્સ કોર્પોરેશન વગેરે જેવાં ઘણાં ઉદાહરણ મળી રહે. એ જ રીતે, યુએસએસઆરનું વિભાજન થયા પછી રચાયેલા ઘણા નાના નાના સ્વતંત્ર દેશો પોતાની માલિકીની એરલાઈન્સ ચલાવે છે. જો કોઈ ભારતીય વ્યક્તિ આવી કોઈ એરલાઈન્સમાં નોકરી કરતી હોય અને તેણે પોતે કે તેના કાયદેસરના વારસદારોએ એ એરલાઈન્સ સામે કોઈ કારણસર અદાલતમાં દાવો માંડવો પડે તો શું થાય? ભારતીય કર્મચારી કે તેના વારસદારો એ કેસમાં સફળ થવાના ચાન્સીસ કેટલા? મનોરમા સિંહ લેધાને થયેલો અનુભવ આ સંદર્ભમાં આપણને ઘણું કહી જાય છે.

મનોરમા સિંહના પતિ મેઘર સિંહ ૧૯૫૦ના દાયકાનાં પાછલાં વર્ષોમાં રોયલ નેપાલ એરલાઈન્સ કોર્પોરેશનમાં મહિનાના રૂા. ૨,૫૦૦/-ના પગારે પાઈલોટ તરીકે નોકરી કરતા હતા. ૫ નવેમ્બર, ૧૯૬૦ના દિવસે મેઘર સિંહ કોપોરેશનની માલિકીના એક ડાકોટા વિમાનના ઈન્ચાર્જ હતા. એ દિવસે એ વિમાન નેપાળ ભૈરવા એરોડ્રોમથી ઊપડીને બપોરે પોખરા પહોંચવાનું હતું. વિમાન ભૈરવાથી ઊપડયું તેની થોડી જ મિનિટોમાં વિમાને ભૈરવા એરોડ્રોમ પરત આવવાનો પ્રયત્ન કર્યો અને ઉતરાણ કરતી વખતે વિમાન તૂટી પડયું. એ અકસ્માતમાં મેઘર સિંહ મૃત્યુ પામ્યા. મેઘર સિંહ તેમની પાછળ પત્ની મનોરમા અને ત્રણ નાનાં બાળકોને છોડી ગયા હતા. મનોરમા સિંહે મેઘર સિંહના મૃત્યુ પછી રોયલ નેપાલ એરલાઈન્સ કોર્પો. સામે દાવો માંડયો. એરલાઈન્સનાં વિમાનનાં એન્જિનોમાં જુદી જુદી અગાઉની ખામીના કારણે, મિકેનિકલ કે સ્ટ્રક્ચરલ ખોટકો સર્જાયો એવો આક્ષેપ કરીને મનોરમા સિંહે દાવો કર્યો કે કોર્પોરેશનની બેદરકારી અને ફરજભંગના કારણે તેમના પતિનું મૃત્યુ થયું હોવાથી તેમને વળતર રૂપે રૂા. ૮,૪૨,૫૦૦/- ચૂકવવામાં આવે. કોર્પોરેશન કલકત્તાની તેની ઓફિસેથી પણ કોમર્શિયલ ઓપરેશન્સ ચલાવતું હતું. કોર્પોરેશન વતી દલીલ કરવામાં આવી કે એક દાયકા મુજબ તેની રચના થઈ હોવા છતાં, વાસ્તવિક હેતુસર તો એ નેપાળના રાજાની સરકારનો એક વિભાગ જ છે. આથી કોર્પોરેશન સામેનો કેસ નેપાળના રાજા સામેનો કેસ ગણવો જોઈએ એવી દલીલ થઈ અને સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે કાયદા સામે રક્ષણ આપવાની માગણી કરવામાં આવી.

ખરેખર તો આ કેસ કર્મચારી અને તેને

**ખાસ લેખ : 3**

**ડૉ. રાજીવકુમાર ગુપ્તા-આઇ. એ. એસ.**
(એકઝીકયુટિવ ડિરેકટર,
સરદાર સરોવર, નર્મદા નિગમ લિ.)

નોકરી આપનાર કોર્પોરેશન વચ્ચેના કરાર અને બેદરકારીને કારણે બનેલી ઘટનાને લગતો હતો, તેમ છતાં સાર્વભૌમ રાષ્ટ્રના નામે કાયદાકીય કવચની માગણી કરવામાં આવી. કલકત્તા વડી અદાલતે નેપાળે માગેલ કાયદાકીય કવચના કારણસર અને સીપીસીના સેકશન ૮૬ હેઠળ જરૂરી મંજૂરી ન હોવાનું કારણ આપીને મનોરમા લેધાની અરજી નકારી કાઢી. કમનસીબે, માત્ર અને માત્ર વ્યાવસયિક ધોરણે કામ કરતા વિદેશી સરકારના કોર્પોરેશનની કામગીરીને કાયદાકીય કવચ આપવાનું ઠરાવવામાં આવ્યું અને વળતર માટે કોઈ પગલાં લેવાઈ શકયાં નહી અને દાવો રદ થઈ ગયો.

આ કેસ તો ઘણો જૂનો છે, પણ તેનો ચુકાદો અત્યારે પણ એટલો જ પ્રાસંગિક છે. વિદેશી સરકારની માલિકીના કોર્પોરેશન અને કોઈ પણ સ્વતંત્ર નાગરિક વચ્ચે નોકરીને લગતા કરારમાં કોઈપણ વિખવાદ ઊભો થાય તો લગભગ એ જ પરિણામ આવે જે મનોરમા સિંહના કેસમાં આવ્યું. મનોરમા સિંહના કેસનું વધુ દુ:ખદ પાસું તો એ છે કે, પતિનું ગુમાવવા પછી તેઓ રોયલ નેપાલ એરલાઈન્સ કોર્પો. પાસેથી કાયદાની દ્રષ્ટિએ વાજબી એવું વળતર પણ મેળવી શકયાં નહી. કારણ? ભારતીય કાયદાની અપૂરતી જોગવાઈઓ, જે હજી આજે પણ જેમની તેમ અમલમાં છે.

બીજા દેશોમાં સ્થિતિ તદન બદલાઈ ગઈ છે. હવે મોટા ભાગના દેશોમાં વિદેશી સરકારની માલિકીની વ્યાવસાયિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓને સાર્વભૌમ રાષ્ટ્રને મળતા કાયદાકીય કવચનો લાભ અપાતો નથી.

દાખલા તરીકે, અખાત યુદ્ધ વખતે ઈરાકી સરકારે કુવૈત એરલાઈન્સનું એક વિમાન જપ્ત કર્યું હતું. આ કામ ઈરાકી સરકારના આદેશથી થયું હતું અને પછી એ વિમાન ઈરાકી નેશનલ એરલાઈન્સના કાફલામાં સામેલ કરી દેવાયું હતું. અખાત યુદ્ધ પૂરું થયા પછી કુવૈત એરલાઈન્સે ઈરાકી એરલાઈન્સ કોર્પોરેશન સામે કાર્યવાહી આરંભી. ઈરાકી સરકારે કહ્યું કે, ઈરાકી એરલાઈન્સ કોર્પો. સરકારની માલિકીનું છે અને એ વિમાન સરકારની માલિકીના કાફલામાં ઉપયોગમાં લેવામાં આવે છે તેથી આ કેસમાં તેને સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે મળતું કાયદાકીય કવચ મળવું જોઈએ. એ કેસ ઈંગ્લેન્ડની અદાલતમાં ચાલ્યો હતો અને અદાલતે ઈંગ્લેન્ડમાં પ્રવર્તમાન અત્યારના કાયદા અનુસાર કાયદાકીય કવચની આ માગણી ફગાવી દીધી. ઈંગ્લેન્ડના સ્ટેટ ઈમ્યુનિટી એકટ, ૧૯૭૮ મુજબ વિદેશી રાષ્ટ્રો અને જે તે નાગરિકો વચ્ચેના નોકરીને લગતા કરાર, વિદેશી ઑફિસ એજન્સી કે વ્યાવસાયિક હેતુ માટે ઈંગ્લેન્ડમાં જે તે રાષ્ટ્રની કોઈ સંસ્થા ચલાવવામાં આવતી હોય તો તેને કાયદાકીય કવચ મળતું નથી અને નોકરીને લગતા આવા કોઈ પણ કરારમાં વિખવાદ થાય તો કરાર મુજબ જે અધિકાર કે લાભ મળવાપાત્ર હોય તે મેળવવા માટે ઈંગ્લેન્ડની અદાલતનો આશરો લઈ શકાય છે. એ જ રીતે, કોઈ રાષ્ટ્રના કોઈ પગલાંથી કે ફરજ ચૂકથી કોઈનું મૃત્યુ થાય, ઈજા થાય કે મિલકતને નુકસાન થાય તો એને લગતી કોઈ પણ કાર્યવાહીમાં એ રાષ્ટ્ર કાયદાકીય કવચની માગણી કરી શકે નહી.

આમ, ઈંગ્લેન્ડે તેના નાગરિકોને વિદેશી એમ્પ્લોયર સામે રક્ષણ આપ્યું છે, પણ ભારતના નાગરિકને આવું રક્ષણ સાંપડયું નથી. ભારતમાં કાર્યરત કોઈ પણ વિદેશી રાષ્ટ્રની માલિકીની સંસ્થામાં કામ કરતા ભારતીય કર્મચારીને કોઈ વાતે વિખવાદ ઊભો થાય અને નોકરીના કરાર મુજબ તેને મળવાપાત્ર લાભ મેળવવા માટે અદાલતમાં જવાના સંજોગ ઊભા થાય તો ભારતીય કર્મચારીને કાયદાની પૂરી ઓથ મળતી નથી. તેને નોકરી આપનાર વિદેશી રાષ્ટ્ર સામે અદાલતમાં જતાં પહેલાં ભારતીય નાગરિકે એ રાષ્ટ્રને મળતા કાયદાકીય કવચની દીવાલનો સામનો કરવો પડે છે.

આપણા દેશમાં લોકશાહી છે, સ્વતંત્ર અને મુકત વેપાર છે, તો પછી શા માટે કાયદાની આવી જોગવાઈઓ અમલમાં ચાલુ

**રાખવી જોઈએ? આવી જોગવાઈઓ ચાલુ રાખવાનું કોઈ જ કારણ નથી, પણ એ જોગવાઈઓ રદ ન થાય ત્યાં સુધી મનોરમા સિંહ લેધા જેવી વ્યકિતઓને મળવો જોઈતો ન્યાય મળશે નહી અને મોટા પગારની આશાએ વિદેશી રાષ્ટ્રોની માલિકીના સંસ્થાઓમાં નોકરી સ્વીકારતાં પહેલાં ભારતીય યુવક - યુવતીઓએ સો વાર વિચાર કરવો પડશે.**